EDI

Gujarat Samachar ( Gandhinagar)

October 8, 2008

Page No. 3

# ચાળીસથી વધુ દેશોના પ્રતિનિધીઓ કલ્ચરલના ગરબાની મોજ માણી

ગાંધીનગર, મંગળવાર

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા માહાવા આ નવરાત્રીમાં જ ચાળીસથી વધુ દેશોના પ્રતિનિધીઓ આવી ચૂક્યા છે. ઈડીઆઈમાં આવેલા પાંત્રીસ દેશોના પ્રતિનિધિઓ ગરબા માહાવા આવ્યા હતા. વિદેશી મહેમાનો, સનદી અધિકારીઓ પણ મોટી સંખ્યામાં ગરબા માણવા આવે છે. આ વર્ષે કલ્ચરલ ફોરમના ગરબા માહવા સંખ્યાબંધ દેશોના પ્રતિનિધિઓ આવી રહ્યા છે. નવરાત્રીના બીજા જ દિવસે ઓસ્ટ્રેલિયા કેટલાક મહેમાનો કલ્ચરલ ફોરમનના ગરબા માણવા આવ્યા હતા. તેઓ કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશનના મહેમાનો હતા. આ પછી અમેરિકાના મહેમાનો આવ્યા હતા. તે પછી રોટરી કલબ દ્વારા ચાઈનના કેટલાક પ્રતિનિધીઓ આવ્યા હતા. આ પછી ગઈકાલે રાત્રે ઉઝબેકી સ્તાન, ઈન્ડોનેશીયા, કેઝસ્તાન, લાઓ પી.ડી.આર, કેન્યા, આર્મેનીયા,, સીરીયા, શ્રીલંકા, ઈથોપિયા, અફઘાનિસ્તાન, નેપાળ, મ્યાનમાર, તાજીકીસ્તાપી, બાંગ્લાદેશ, ક્યુબા, ન્યુ જીનીવા, પેલેસ્ટાઈન, મોગોલીયા, ટર્કી, કંબોડીયા, ટાન્ઝાનીયા, જર્વોજીયા, અને સાઉથ આફ્રિકાના ૩૨ પ્રતિનિધીઓ કલ્ચરલ ફોરમના ગરા માહાણા હતા. તેઓ ગરબે ઘુમ્યા પણ હતા. આ ઉપરાંત ઈસ્કોન મંદિરના રશિયાથી આવેલા સાધુઓએ પણ ગરબા માણ્યા હતા. અત્યાર સુધીમાં ચાલીસેક દેશોના પ્રતિનઈધીઓ લાભ લઈ ચૂક્યા છે. વિદેશી મહેમાનો અહીંના ગરબા જોઈને ખૂબ પ્રભાવિત થયા હતાં. આ ઉપરાંત સનદી અધિકારીઓએ પણ ખૂબ મોટી સંખ્યામાં માણ્યા હતા. ગઈકાલે રાત્રે રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ ડો.મંજુલા સુબ્રમહ્મમ, ભારત સરકારના વનસચિવ ડો.અનિતાદાસ અને તેમની સાથે આવેલા ભારત સરકારના સનદી અધિકારીઓ, અગ્ર મુખ્ય વન સંરક્ષક એમ.એલ. શર્મા, ગાંધીનગરના પૂર્વ એસ.પી. અને અમદાવાદના ડી.સી.પી. (ક્રાઈમ) જી.એલ. સિંઘલ વગેરે અધિકારીઓ પણ આવ્યા હતા. શનિવારની રાત્રે રાજકોટના મ્યુનિસિપલ કમિશ્નર ડી.એચ.બ્રહ્મભટ્ટ, વન અને પર્યાવરણ સચિવ ડો.એસ.કે. નંદા, પાણી પુરવઠા સચિવ વી.એસ.ગઢવી, માહિતી કમિશ્નર ભાગ્યેશ જહા, જેડાના ડાયરેક્ટર વાગ્મિન બુચ માર્ગદર્શન સચિવ એસ.આઈ .પટેલ વગેરે સપરિવાર આવ્યા હતાં.